# દાતાઓના માતૃભૂમિ પ્રત્યેના પ્રેમ થકી શિક્ષણ, આરોગ્ય અને જાહેર સુવિધાઓ ઉપલબ્ધ બની





## ગાના



ગાના ગામની સૌથી મોટી વિશેષતા વતનપ્રેમી લોકોની દાન અને સેવાભાવની પરંપરા છે. ગામે વૈશ્વિક સ્તરે પોતાની ઓળખ ઊભી કરનારા અનેક જ્ઞાનીઓ, ઉદ્યોગસાહસિકો અને દાનવીરો આપ્યા છે. ગામના અનેક પરિવારો આજે અમેરિકા, યુનાઇટેડ કિંગડમ, કેનેડા સહિતના વિવિધ દેશોમાં સ્થાયી થયા છે. વિદેશમાં રહીને પણ આ પરિવારોના હૃદયમાં પોતાની માતૃભૂમિ ગાના ગામ પ્રત્યેનો પ્રેમ અતૂટ છે.

એનઆરઆઈ દાતાઓ ગામના સર્વાંગી વિકાસને પણ પોતાની જવાબદારી માની છે. ગામની શાળાઓ, દવાખાનાં, પાટીદાર વાડી તથા વિવિધ જાહેર વિકાસ કાર્યો માટે દાતાઓ દ્વારા ઉદાર હાથે યોગદાન આપવામાં આવે છે. આવા સેવાભાવી પ્રયાસોના કારણે ગામમાં શિક્ષણ અને આરોગ્ય સહિતની અનેક સુવિધાઓને વેગ મળ્યો છે.દાતાઓની આ ભાવનામાં માત્ર આર્થિક સહાય જ નહીં, પરંતુ ‘જે ગામે આપણને ઉછેર્યા, તેના વિકાસમાં આપણો પણ હિસ્સો હોવો જોઈએ’ એવી લાગણી છુપાયેલી છે. વતનથી હજારો કિલોમીટર દૂર વસતા હોવા છતાં ગામના સુખ-દુઃખ અને જરૂરિયાતો સાથે જોડાયેલા રહેવાની આ પરંપરા નવી પેઢી માટે પણ પ્રેરણારૂપ બની છે, દાનવીરોની ઉદારતા, એનઆરઆઈ પરિવારોનો માતૃભૂમિ પ્રત્યેનો અતૂટ સ્નેહ અને ગ્રામજનોની સહકારની ભાવનાએ ગાના ગામને ‘ગોકુળિયું ગામ’ની સંસ્કારી અને પ્રેરણાદાયી ઓળખ અપાવી છે. હરમાનભાઈ મકનભાઈ પટેલે બીએપીએસનો ઝંડો સમગ્ર કેન્વામાં કરકાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેમની અર્ધ પ્રતિમા ગોંડલ બીએપીએસ મંદિરના પ્રાંગણમાં સ્થિત છે, જેમનો ફાળો ગામના પ્રારંભિક વિકાસમાં અગ્રીમ કક્ષાનો રહ્યો છે. લંડન સ્થિત વિનોદભાઈ હરમાનભાઈ પટેલ પાયલોટ તરીકે નિવૃત્ત છે, તો સ્વ. મુકુંદભાઈ હ. પટેલ યુ.એસ.માં ભણીને નાસામાં કોઈ ઊંચા હોદા પરથી નિવૃત્ત થયા હતા. સતીષભાઈ ડી. પટેલ યુ.એસ.માં મોટા ઉદ્યોગના માલિક છે, જેમણે ગાનામાં તેમનાં માતૃશ્રીના સ્મરણાર્થે પંચાયતગૃહના નિર્માણકાર્યમાં મહત્વનો ફાળો આપ્યો હતો, નાનાભાઈ ઇજનેર દિલીપભાઈ પટેલ યુ.એસ.ની વિખ્યાત મોટોરોલ ફોન કંપનીમાં વિભાગીય એક્ઝિક્યુટિવ હતા, જેમણે અનુપમ મિશન સંચાલિત ડિસ્પેન્સરી માટે માતબર ફાળો આપ્યો હતો. ગામનો યુવક અક્ષય પટેલ યુ.એસ. આર્મીમાં જોડાઈને સૈનિક તરીકે ઈરાકયુદ્ધમાં કામગીરી બજાવી ચૂક્યો છે.



## ડોક્ટરથી ઇજનેર અને પ્રાધ્યાપકથી મેજિસ્ટ્રેટ સુધી અનેક પ્રતિભાઓએ ગામનું નામ રોશન કર્યું

આણંદ જિલ્લામાં શૈક્ષણિક ક્ષેત્રે આગવું સ્થાન ધરાવતા ગામોમાં ગાના ગામનો સમાવેશ થાય છે. ગામમાં શિક્ષણ પ્રત્યેની જાગૃતિના કારણે અનેક યુવક-યુવતીઓએ ઉચ્ચ શિક્ષણ મેળવી વિવિધ ક્ષેત્રોમાં સફળતા મેળવી છે. ગામના અનેક વતનીઓએ પોતાની પ્રતિભા અને મહેનતથી માત્ર પરિવારનું જ નહીં, પરંતુ સમગ્ર ગામનું ગૌરવ વધાર્યું છે. ગામમાંથી ખ્યાતનામ વિવેચકો, પ્રાધ્યાપકો, ડોક્ટરો, ઈજનેરો, શિક્ષકો અને અધ્યાપકો સહિત વિવિધ ક્ષેત્રોમાં પ્રતિભાઓ આગળ આવી છે. અનેક વતનીઓએ સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણ મેળવી ઉચ્ચ હોદ્દા સુધી પહોંચીને પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. ગામના એક વતનીએ ફર્સ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટ તરીકે પણ જવાબદારી સંભાળી ગામનું ગૌરવ વધાર્યું છે. શિક્ષણની સાથે ઉદ્યોગ ક્ષેત્રે પણ ગાણા ગામના વતનીઓએ નોંધપાત્ર પ્રગતિ કરી છે.

**ગામના વતનીઓઆફ્રિકા, લંડન, સ્વિટ્ઝર્લેન્ડ, અમેરિકા અને કેનેડા સહિતના દેશોમાં સ્થાયી થયા છે**

વિઠ્ઠલ ઉદ્યોગનગરમાં ગામના વતનીઓ નાના-મોટા કારખાનાઓ ચલાવી ઉદ્યોગસાહસિક તરીકે આગળ આવ્યા છે. પ્રતિભાનો વિસ્તાર માત્ર ગુજરાત કે દેશ પૂરતો સીમિત રહ્યો નથી. ગામના મોટી સંખ્યામાં વતનીઓ આફ્રિકાના વિવિધ દેશો, લંડન, સ્વિટ્ઝર્લેન્ડ, અમેરિકા અને કેનેડા સહિતના દેશોમાં સ્થાયી થયા છે. કેટલાક વતનીઓ વિદેશમાં ધંધા-રોજગાર સાથે જોડાઈ સફળતા મેળવી રહ્યા છે, તો કેટલાકે ઉચ્ચ હોદ્દા પર જવાબદારી સંભાળી છે. શિક્ષણ, ઉદ્યોગ અને વૈશ્વિક ક્ષેત્રે સફળતાની આ ગૌરવગાથા ગામની પ્રગતિશીલ વિચારસરણી અને મહેનતુ લોકોની ઓળખ બની છે.

## આસ્થાના રંગે રંગાયેલા ગામમાં ધર્મ સાથે સમરસતા અને એકતાનો સમન્વય જળવાય છે



ગામમાં પ્રવેશતા જ વિવિધ દેવ-દેવીઓનાં મંદિરો અને લોકઆસ્થાનાં સ્થાન ગામની આધ્યાત્મિક સમૃદ્ધિનો પરિચય કરાવે છે. અહીં ધર્મ માત્ર પૂજા-અર્ચના પૂરતો સીમિત નથી, પરંતુ ગ્રામજીવનનો અભિન્ન હિસ્સો બની રહ્યો છે. ગામમાં શ્રી કંદાજા માતા, મહાકાળી માતાજી, અંબાજી માતા, આઈ શ્રી ખોડિયાર માતા અને મેલડી માતાજી સહિત અનેક દેવીમંદિરો આવેલાં છે. આ ઉપરાંત શ્રીરામ-કૃષ્ણ, નિલકંઠ મહાદેવ અને અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણનાં બે મંદિરો સહિત અનેક દેવસ્થાનો ગામની ધાર્મિક વિરાસતને ઉજાગર કરે છે. ભાથીજી મહારાજ, રામદેવ પીર, બળિયાદેવ અને નૃસિંહદેવ જેવા





લોકદેવતાઓ પ્રત્યેની શ્રદ્ધા પણ ગ્રામજનોના જીવનમાં વણાયેલી છે. ગામના તળાવકિનારે વડતાલપંથી પરંપરાનું એવું દેરું પણ આવેલું છે, જ્યાં સહજાનંદ સ્વામીનાં ચરણચિહ્નો હોવાને કારણે આ સ્થાન વિશેષ આસ્થાનું કેન્દ્ર બન્યું છે. ગણાઈ માતાનું મંદિર પણ ગાના ગામની ધાર્મિક ઓળખનું મહત્વનું પ્રતીક છે. પુરુષો અને મહિલાઓ માટે અલગ-અલગ સ્વામિનારાયણ મંદિરો હોવા પણ અહીંની ધાર્મિક પરંપરાની વિશેષતા છે. નવરાત્રિ, મહાશિવરાત્રિ, ગણેશોત્સવ, રામદેવ પીરના પાઠ, ભાથીજી મહારાજ અને નૃસિંહદેવના ઉત્સવો સહિત ચૈત્રી નવરાત્રિ દરમિયાન પાવાગઢની રથયાત્રામાં જોડાતો ગામનો પગપાળા સંઘ ભક્તિની અનોખી અનુભૂતિ કરાવે છે. અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંપ્રદાયના વિવિધ પર્વો પણ ગ્રામજનો હર્ષોલ્લાસથી ઉજવે છે.તમામ જ્ઞાતિઓના લોકો ધાર્મિક અને સાર્વજનિક પ્રસંગોમાં હળીમળીને સહભાગી બને છે. કોઈ પણ ધાર્મિક કે જાહેર કાર્ય હોય, ગ્રામજનોનો સહકાર અને સંપ સમગ્ર ચરોતર માટે એક સુંદર ઉદાહરણ બની રહે છે.




## સરકારી યોજનાઓ તથા પ્રતિનિધિઓની જાગૃતિ દ્વારા ગામના સર્વાંગી વિકાસ માટે કામગીરી કરવામાં આવે છે





ગ્રામ પંચાયત ગાનાના આયોજનબદ્ધ પ્રયાસો, જાગૃત ગ્રામજનો અને વિવિધ સરકારી યોજનાઓના અસરકારક અમલીકરણથી ગામમાં સમયાંતરે પ્રાથમિક સુવિધાઓનો વિકાસ થયો છે. સ્થાનિક લોકપ્રતિનિધિઓની જાગૃતતા અને ગ્રામજનોના સહકારથી છેલ્લા કેટલાક દાયકામાં ગામના માળખામાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળ્યું છે.

ગામના વિવિધ વિસ્તારોમાં આરસીસી રોડ, આંતરિક રસ્તાઓ, પગદંડી માર્ગો તેમજ ખુલ્લા ચોગાનમાં બ્લોક પેવિંગ સહિતના વિકાસકાર્યો હાથ ધરાયા છે. પીવાના શુદ્ધ પાણી માટે વોટર વર્ક્સની સુવિધા કાર્યરત છે, જ્યારે ગામના તમામ વિસ્તારોમાં વીજળીની સુવિધા પણ ઉપલબ્ધ છે. ગામની વિકાસયાત્રામાં સ્વચ્છતાને પણ મહત્વનું સ્થાન મળ્યું છે. ગ્રામજનોમાં સ્વચ્છતા અંગેની જાગૃતિના કારણે ગામમાં સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણ જાળવવાના પ્રયાસો સતત કરવામાં આવે છે. વિવિધ સરકારી યોજનાઓ તથા સામાજિક સંસ્થાઓના સહયોગથી ગામના સર્વાંગી વિકાસ માટે કામગીરી આગળ ધપાવવામાં આવી રહી છે. મોટી જનસંખ્યા ધરાવતું ગાના ગામ આજે માત્ર ભૌતિક સુવિધાઓ ઉપરાંત સામાજિક એકતા, સ્વચ્છતા, સહકાર અને સ્વાવલંબનના ક્ષેત્રે પણ આગળ વધી રહ્યું છે. ગ્રામજનોની સહભાગિતા અને વિકાસલક્ષી વિચારસરણી ગામને વધુ સુવિધાસભર અને સશક્ત ગામ બનાવવાની દિશામાં આગળ ધપાવી રહી છે.

**ગ્રામ પંચાયત ટીમ :** જીમિક્ષાબેન જીગ્નેશભાઈ પટેલ સરપંચ, શૈલેષભાઈ મણીભાઈ પટેલ ડે. સરપંચ તથા સભ્યો - મુકેશભાઈ મનુભાઈ ભીલ, રીનાબેન વિપુલભાઈ ચાવડા, ધ્રુવિન અલ્પેશભાઈ સુથાર, જયંતિભાઈ નરશીભાઈ રોહિત, સુધાબેન હર્ષદભાઈ પટેલ, જાગૃતિબેન જયંતિભાઈ પટેલ, પુષ્પાબેન જીતેન્દ્રભાઈ વણકર, મીનાબેન ચંદ્રકાન્તભાઈ વણકર અને રમણભાઈ રામાભાઈ પરમાર અને તલાટી કમ મંત્રી વિપુલભાઈ.

## શિક્ષણ માટે ગામમાં બાલવાટિકાથી માંડી કોલેજ સુધીની સગવડ સરળતાથી ઉપલબ્ધ

શિક્ષણ વગર કોઈપણ ગામનો સર્વાંગી વિકાસ શક્ય નથી, અને ગાના ગામ આ બાબતમાં ખૂબ અગ્રેસર રહ્યું છે. ગામમાં ઉચ્ચ અભ્યાસ અને રોજગારલક્ષી કેળવણી માટે શ્રેષ્ઠ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. શ્રીમતી કાશીબેન ધુળાભાઈ પટેલ વિદ્યામંદિર: સંવત ૧૯૬૨માં સ્થાપિત આ ઐતિહાસિક શાળા સંકુલમાં ધોરણ ૧૨ સુધી આર્ટ્સ અને કોમર્સ પ્રવાહનું ઉચ્ચ શિક્ષણ આપવામાં આવે છે. પ્રાથમિક શાળા: ગામની પ્રાથમિક શાળામાં બાલવાટિકાથી ધોરણ ૮ સુધી કુલ ૨૪૩ બાળકો (૧૨૦ કુમાર અને ૧૨૩ કન્યાઓ) અભ્યાસ કરે છે. હાલ શાળામાં ૫ વર્ગખંડોમાં સુવ્યવસ્થિત પાળી પદ્ધતિથી ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવામાં આવી રહ્યું છે. ઉચ્ચ તબીબી શિક્ષણ: ગામમાં કાર્યરત અદ્યતન એડિટ હોમિયોપેથિક મેડિકલ કોલેજ (Adit Homeopathic College) ગ્રામીણ કક્ષાએ મેડિકલ ક્ષેત્રે વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે.




(માહિતી સંકલન : રિતેશ દવે )